Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# જીવનચરિત્રોનું સાહિત્યસ્વરૂપ

**કૃપલ મેકવાન**
અધ્યાપક સહાયક, સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર, નડિયાદ.

**સારાંશ:**

જીવનચરિત્ર એક એવો સાહિત્ય પ્રકાર છે કે જે એકી વખતે ઈતિહાસ કે વિજ્ઞાન અને કલાના તત્વોનું સામંજસ્ય સાધી જ્ઞાનનિષ્ઠ વાડ્મયના આસ્વાદની અનુકૂળતા સ્થાપી આપે છે. જીવનચરિત્ર એક વ્યક્તિના જીવનનો ઈતિહાસ હોય છે જેમાં ચરિત્રનાયકના જીવનના કાલક્રમને રસિકતાથી રજૂ કરેલ હોય છે. ગુજરાતી સાહિત્યમાં નર્મદયુગથી અત્યાર સુધી અનેક જીવનચરિત્રો મળી આવે છે. પ્રસ્તુત લેખમાં જીવનચરિત્રો નાં સાહિત્યસ્વરુપને આલેખવામાં આવ્યુ છે.

**ચાવીરૂપ શબ્દો:** જીવનચરિત્ર, ગુજરાતી સાહિત્ય, સાહિત્યસ્વરૂપ

**પ્રસ્તાવના:**

સાહિત્યના બે વિભાગ ૧. સર્જનાત્મક સાહિત્ય ૨. જ્ઞાનલક્ષી સાહિત્ય. સર્જનાત્મક સાહિત્ય જેને Literature of Power અને જ્ઞાનલક્ષી સાહિત્યને Literature of Knowledge કહેવામાં આવે છે. (દ.ક્વીન્સી) આ બંને વચ્ચે સ્વરૂપની દ્રષ્ટિએ ભેદ જોઈ શકાય છે. સર્જનાત્મક સાહિત્યના સ્વરૂપોમાં કથા, કાવ્ય, નાટ્ય વગેરે હોય જે એક સર્જકની કલ્પનાની નીપજ છે. પ્રતીક, કલ્પનનો ઉપયોગ કરી સર્જક તેને ઘડે છે. જ્યારે જ્ઞાનલક્ષી સાહિત્યમાં નિબંધ, ડાયરી, પ્રવાસવર્ણન, જીવનકથા, આત્મકથા, રેખાચિત્રો વગેરેનો સમાવેશ થાય. જ્ઞાનલક્ષી સાહિત્યના બે સ્વરૂપો આત્મકથા અને જીવનકથા. જેમાં વ્યક્તિ પોતે પોતાનું જીવનવૃત્તાંત આપે તે આત્મકથા અને જીવનકથામાં કોઈ જીવતી કે જીવી ગયેલી વ્યક્તિ માટે કોઈ અન્ય વ્યક્તિ લખે તે.

**જીવનચરિત્રોનું સાહિત્યસ્વરૂપ:**

જીવનકથા જેને અંગ્રેજીમાં 'Biography' કહેવામાં આવે છે. આ શબ્દ સૌ પ્રથમવાર ૧૬૮૩માં જ્હૉન ડ્રાયડને પ્રયોજ્યો હતો. ગુજરાતીમાં તેના પર્યાય તરીકે 'જીવનચરિત્ર', 'જીવનવૃતાંત', 'ચરિત્રવિદ્યા' જેવા શબ્દો પ્રયોજાય છે. જ્યારે હિન્દીમાં 'જીવની' શબ્દ ખાસ પ્રયોજાય છે.

ઓક્સફર્ડ ડિક્શનરીમાં 'બાયોગ્રાફી' 'જીવનચરિત્રની' વ્યાખ્યા આ રીતે આપી છે : "જીવનચરિત્ર એ સાહિત્યની એક એવી શાખા છે કે જેમાં સાહિત્યના એક પ્રકાર લેખે વ્યક્તિગત માણસોનાં જીવનનો ઈતિહાસ છે." આ વ્યાખ્યાના ત્રણ મહત્વના શબ્દો તે 'ઈતિહાસ','વ્યકિત'અને 'સાહિત્ય'."

ડ્રાયડને વ્યાખ્યા આપી છે કે "A true Biography is the narrative from Birth to death of one man's life in its outward manifestations and inward working." આ વ્યાખ્યામાં વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધીના સમગ્ર જીવનને આવરી લેવામાં આવે છે. વ્યકિતના વાણી, વિચાર, વર્તન, પરિસ્થિતિ, સંઘર્ષો, દુ:ખ - દર્દો , તેમના જીવનને ઘડનારી વ્યકિતઓ, આ બધી બાબતોનો સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત યુગની છબી પણ તેમાં ભળી જવાની કારણ કે વ્યક્તિનું જીવન

સમાજથી જુદું પાડી શકાતું નથી. આમ, એક જીવનચરિત્ર લખતાં આખા યુગનો ખ્યાલ આવી જાય છે.

ગુજરાતીમાં જીવનકથા સાહિત્ય ઉપર શોધપ્રબંધ લખનાર ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ આ રીતે વ્યાખ્યા આપી છેઃ “જીવનચરિત્ર એટલે વ્યકિતના જીવન અને વ્યક્તિનું તેના બાહ્યાંતર વિકાસ અને સિધ્ધિ અસિધ્ધિ સાથે તેના યુગની પશ્ચાદભૂમિકા ઉપર સાહિત્ય બની શકે તેવી શૈલી વડે કરાયેલું કળાયુક્ત જીવંતચિત્રણ”

આમ છતાં કોઈ યોગીનું જીવનચરિત્ર આલેખવું શક્ય નથી. કારણ કે તે મુખ્યત્વે આંતરિક અને બહુપરિમાણી હોય છે. એને કોઈ ચરિત્રકાર પૂર્ણતયા આલેખી શકતો નથી. એટલે જ શ્રી અરવિંદે પોતાનું જીવનચરિત્ર આલેખવા તૈયાર થયેલ લેખકને પોતાનું ચરિત્ર લેખન કરવાની ના પાડી હતી.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે જીવનચરિત્રકારે જે – તે વ્યક્તિના જીવન અંગેની તેમજ સ્થળકાળની સંપૂર્ણ માહિતી મેળવવી પડે. જે તે વ્યકિતને નિકટથી જાણવા માટે તેમના સ્વજનો, પત્રો, લખાણો ઇત્યાદિના સંપર્કમાં રહેવાથી નાયકને નિકટતાથી જાણી શકાય. જીવનચરિત્રકાર પૂર્વગ્રહમુક્ત હોવાની સાથે પક્ષપાતી ના હોવો જોઈએ. નાયકના જીવનની સત્ય, હકીકત બાબતોને એકઠી કરવી અને તેનું સંકલન કરવું. આમ નાયકની યથાર્થ છબી ઉપસાવવાનું કામ ચરિત્રકારનું છે.

આપણા આદ્ય વિવેચક નવલરામ પંડ્યાએ ‘ચરિત્ર નિરૂપકમાં શોધ, સ્ત્ય, વિવેક અને વર્ણનશકિત એ ચાર ગુણ અવશ્ય હોવા જોઈએ’ એમ કહ્યું હતું.

અંગ્રેજી ભાષાના પરિચયમાં આવ્યા બાદ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નિબંધ, આત્મકથા, જીવનકથા, પત્ર વગેરેનો પ્રારંભ થયો.

જીવનકથાના સ્વરૂપની પ્રજાને શો લાભ થાય અને કેવી જાગૃતિ આવે તે બાબતે નર્મદ નોંધે છે કે, “સઘળાં જીવનચરિત્ર લાભકારક છે, પણ કવિજન્મ ચરિત્રથી થતાં લાભ અગણિત છે.” આમ કહીને નર્મદે ઈ.સ. ૧૮૫૬માં ‘ કવિચરિત્ર’ આપ્યું જેમાં ૧૩ જેટલાં કવિઓના ચરિત્રો આલેખવાની તેમણે શરૂઆત કરી છે. ત્યારબાદ ૧૮૭૦માં ‘મહાપુરુષોનાં ચરિત્રો’ નામનો ગ્રંથ પણ આપે છે.

નર્મદ પહેલા ઈ.સ. ૧૮૪૩ની ૨૭મી જાન્યુઆરી થી ૩૧ ડિસેમ્બર ૧૮૪૪ સુધીનો ‘માનવધર્મ સભાનો’ અહેવાલ મહેતાજી દુર્ગારામે નોંધ્યો હતો તે ઈ.સ. ૧૮૭૯માં મહીપતરામે ‘મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર’ નામે ગ્રંથમાં ગોઠવીને પ્રગટ કર્યો. આ ચરિત્રમાં મહીપતરામે માત્ર વીસ જ પાનાનું લખાણ કર્યું છે. આથી આ ગ્રંથ થોડે ઘણે અંશે આત્મકથા પણ બની રહે છે. અને ડૉ. રસીલા કડીઆ કહે છે કે “ એનું મૂલ્ય વિશેષ રોજનીશીના સાહિત્યમાં કરવું ઈષ્ટ લેખાયું” આમ , આ ગ્રંથ એ નથી બનતો જીવનકથા કે નથી આત્મકથા. આમ, ગુજરાતી ભાષામાં જીવનચરિત્રના પ્રારંભક તરીકે નર્મદને જ ગણાવી શકાય.

ઈ.સ. ૧૮૬૯માં ડાહ્યાભાઈ દેરાસરી ‘કવિચરિત્ર’નાં બે ભાગ આપે છે. જેના પ્રથમ ભાગમાં સંસ્કૃત ભાષાના અને બીજા ભાગમાં અન્ય ભાષાના કવિઓનો પરિચય કરાવ્યો.

મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ ઈ.સ. ૧૮૬૯માં 'ફાર્બસ જીવનચરિત્ર', ઈ.સ. ૧૮૮૦માં 'શેઠ હરિવલ્લભદાસ બાલગોવિંદદાસ ચરિત્ર' તથા ઈ.સ. ૧૮૮૧માં 'સુજ્ઞ ગોકુલજી સંપતિરામ ઝાલા તથા વેદાન્ત' નામનો ગ્રંથ આપ્યો.

નાનાભાઈ પાલણજી જેવા પારસી ચરિત્રકારો, 'આભાસી' જીવનકથાઓ આપી છે. તેમાં બહેરામજી બમનજી કૃત "સુરત શહેરના ખાનબહાદુર અરદેશર કોટવાલ- તેમની જીદંગીનો સંક્ષેપ અહેવાલ' ઈ.સ. ૧૮૭૨માં આપ્યો.

સુધારકયુગમાં અગ્રણી સાહિત્યકાર મહીપતરામ નીલકંઠે ચાર જીવનચરિત્રો આપ્યાં. જેમાં ઈ.સ. ૧૮૭૭માં 'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી ચરિત્ર', ૧૮૭૯માં 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર', ૧૮૮૧માં 'પાર્વતીકુંવર આખ્યાન' આપ્યું જે તેમણે તેમની પત્ની વિશે આપ્યું છે. આ ઉપરાંત ૧૮૮૯માં 'અકબર ચરિત્ર' આપ્યું. આ તમામ ચરિત્રો મહીપતરામના સાહિત્ય સંશોધનના સુફળ છે.

આમ, સુધારક યુગમાં નર્મદના હાથે જીવનકથા સ્પરૂપનો પ્રારંભ થયો અને તેમાં ઘણાં સર્જકોએ મથામણ કરી છે. આ યુગમાં બધા માહિતીપ્રધાન ચરિત્રો મળ્યાં. પ્રારંભકાળની કૃતિઓ હોવાના કારણે પરિપક્વતાનો અભાવ જોવા મળે છે. આ ઉપરાંત અન્ય ગદ્યસ્વરૂપોનો પ્રારંભકાળમાં જેટલો વિકાસ થયો તેવો જીવનકથા સ્વરૂપમાં જોવા મળતો નથી.

**ઉપસંહાર:**

જીવનચરિત્રો ભલે પાશ્ચાત્ય પ્રભાવ હેઠળ મંડાયુ, પણ આ સાહિત્ય સ્વરૂપનું ગુજરાતી સાહિત્ય માં એક આગવું સ્થાન ધરાવે છે. નર્મદ યુગથી શરૂ થઈને અત્યાર સુધી અનેક લેખકોએ ચરિત્ર સાહિત્યના ઉત્તમ એવાં ચરિત્રો આપ્યા છે.

**સંદર્ભ:**


I. ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા (આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો), ૨૦૧૧.
II. અનંતરાય રાવળ, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ત્રીજી આવૃતિ, ૧૯૯૦.
III. ધીરુભાઈ ઠાકર, ગુજરાતી નવલકથાની વિકાસરેખા, ત્રીજી આવૃતિ, ૧૯૯૮.
IV. ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ, ચરિત્ર સાહિત્ય : સ્વરૂપ અને વિકાસ, ૧૯૬૬.
V. ડૉ. રસીલા કડીઆ, આત્મકથા : સ્વરૂપ અને વિકાસ.
VI. રઘુવીર ચૌધરી, ગુજરાતી નવલકથા, બીજી આવૃતિ, ૧૯૯૮.
VII. કુંજવિહારિ મહેતા, સાહિત્ય સ્વરૂપો, ૧૯૭૪
VIII. મણિલાલ પટેલ, જીવનકથા, ૧૯૮૩